# પ્રકરણ:૭

- *ઉપસંહાર*

આદિવાસીઓ પર ઘણા સંશોધન થયા છે. અને હજુ પણ સંશોધન ચાલુ જ છે. ગુજરાતનાં આદિવાસીઓ માટે ઘણું બધુ સંશોધન સંશોધકો કરતાં આવ્યા છે પરંતુ ગુજરાતનાં છેવાડાના વિસ્તારમાં જોઈએ એટલું સંશોધન થયું નથી. એવે સમયે કુકરમુંડા તાલુકાના વસાવા સમાજના લોકસાહિત્ય વિષય પર સંશોધન કરવું એ એક સારી વાત છે. અને એક જવાબદારીભર્યું કામ પણ હતું. આ વિસ્તારમાં ના બરાબર સંશોધન થયેલ છે. કેટલાક મરાઠી ભાષાના લેખકોએ કોટલી બોલીના લોકગીતો અને લોકનાટ્યની રોડાલીઓ વિશે ચામુલાલ રાઠવા જેવા લેખકોએ લખ્યું છે પરંતુ ગુજરાતી ભાષામાં એવું ક્યાંય લખેલ મળેલ નથી. હાલમાં થોડા સમય પહેલા કુકરમુંડા તાલુકાના લોકગીતો વિશે ડૉ. સવિતાબેન વળવીએ સંશોધન કર્યું છે. અને હિન્દી ભાષામાં ડૉ. મધુકર પાડવી સાહેબે પણ આ વિસ્તારના સાહિત્ય પર પ્રકાશ પાડ્યો છે. મારા શોધકાર્ય વિષય "કુકરમુંડા તાલુકાના વસાવા સમાજનું સમગ્ર લોકસાહિત્ય:એક વિવેચનાત્મક અભ્યાસ" વિષય પર સંશોધન કરવાનો મોકો મળ્યો એ બહુ જ ખુશીની વાત રહી. આ સંશોધનના

પ્રકરણ પ્રમાણે સારા નરસા પાસાઓની અને તેની કેટલીક સીમાઓની વાત કરીએ.

પ્રથમ પ્રકરણ 'કુકરમુંડા તાલુકાનો સામાન્ય પરિચય' માં કુકરમુંડા તાલુકાની સામાન્ય માહિતી આપી છે. આ આદિવાસી શબ્દની વ્યુત્પત્તિથી લઈ આદિવાસીઓ વિશેના ખ્યાલો તેમજ ગુજરાતનાં આદિવાસીઓનો પરિચય પરિચય આપ્યો છે. જેમાં ગુજરાતનાં અલગ અલગ વિસ્તારમાં વસતા આદિવાસીઓનો પરિચય છે. જેમ કે દક્ષિણ ગુજરાતનાં, સૌરાષ્ટ્રમાં વસતા, ઉત્તર ગુજરાતમાં વસતા, મધ્ય ગુજરાતે વસતા દરેક જાતિની માહિતી આ પ્રકરણમાં આપેલ છે. પ્રકરણના બીજા મુદ્દામાં કુકરમુંડાનો ઇતિહાસ અને ક્ષેત્રફળ વિશે માહિતગાર કરેલ છે. મહારાષ્ટ્ર રાજ્યમાં જ્યારે ગુજરાત સમાવિષ્ટ હતું ત્યારે આ તાલુકાનો સમય કયો હતો ત્યારથી લઈ અત્યાર સુધીનો ઇતિહાસ અને એનું ક્ષેત્રફળ એટલે કે કુકરમુંડા તાલુકાને અડીને આવેલ ચોતરફના વિસ્તારનો ઉલ્લેખ થયેલો છે. પ્રકારણના ત્રીજા મુદ્દામાં કુકરમુંડા તાલુકાની સામાન્ય માહિતી છે જેમાં કુકરમુંડા તાલુકાના ગામોની માહિતી, સંસ્થાઓ વગેરેનો પરિચય છે. પ્રકારણના ચોથા મુદ્દામાં વસાવા સમાજની વિધિઓ વિશે માહિતી આપેલ છે. અને પ્રકારણના છેલ્લા મુદ્દામાં વસાવા સમાજના તહેવારોની વિશે માહિતી આપેલ છે.

પહેલા પ્રકરણમાં આપેલ કુકરમુંડાના વસાવા સમાજની સંપૂર્ણ માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. જેમાં ગેરઆદિવાસીઓ વિશે સાવ સામાન્ય માહિતી આપી છે. જેટલી માહિતી મેળવેલ છે એ પૂરેપૂરી રજૂ કરવાનો પ્રયત્ન છે.

પ્રકરણ બીજુ‘લોકસાહિત્ય’ છે. મહાશોધનિબંધનો વિષય લોકસાહિત્યનો જ હોય આ પ્રકરણ ખૂબ જ જરૂરી છે. તો આ પ્રકરણનું મહત્વ ખૂબ જ મહત્વનું છે. તો આ પ્રકરણમાં લોકસાહિત્યને લઈ બધુ જ આવરી લેવામાં આવ્યું છે. જેમાં લોકસાહિત્ય એટલે શું? અને લોકસાહિત્યની વ્યાખ્યાઓ, લોકસાહિત્યને સંજ્ઞા અને વિભાવના, લોકસાહિત્યના પ્રકારો વિશે વિસ્તૃત માહિતી આપી છે. અને પ્રકીર્ણ લોકસાહિત્ય કહેવત અને ઉખાણા એટલે શું એના વિશે પણ માહિતી આપી છે.

‘વસાવા સમાજના લોકગીતો’ જે ત્રીજું પ્રકરણ છે. આ પ્રકરણની વાત કરીએ તો વસાવા સમાજમાં ગવાતા લોકગીતો હવે તેનું અસ્તિત્વ ખોવાઈ રહ્યું છે. માંડ હવે લગ્નગીતોમાં યુવાપેઢી પહેલાના જે લોકો છે એ ગઆઈ રહ્યા છે. આધુનિકતાના રંગો એટલા ઘાટા થઈ ગયા છે કે આ લોકગીતોનો રંગ હવે સંતાવવા લાગ્યો છે. આ સમયે લોકગીતો વિશે સંશોધન કરવાનો મોકો અનેરો રહ્યો. લોકગીતોમાં લગ્નગીતો, હોળીગીતો, હાલરડાં અને રોડાલીનો સમાવેશ છે. લગ્નગીતો હવે ભુસાતા જતાં હોઈ કહું

ઓછા પ્રમાણમાં ગીતો મળ્યા છે અને આ ગીતો વસાવા સમાજના દર્શન કરાવે છે. લગ્નના પ્રસંગમાં ચાલી આવતી વિધિઓનું વર્ણન પણ રજૂ થયેલ છે. લગ્નગીતોમાં સગાઈના ગીતો અને પીઠીના ગીતો તેમજ લગ્નના ગીતો અલગ – અલગ રીતે ગોઠવ્યા છે. હાલરડાં ના બરાબર હોવા છતાં એક ગીત છે જે મૂક્યું છે. છેલ્લે રોડાલી. રોડાલી એ લોકનાટ્ય સોંગના ગીતો કહેવાય.

પ્રકરણ ચારની વાત કરીએ તો આદિવાસી દેહવાલી બોલીની લોકકથા ‘પોહ્લો પોયરો’. દેહવાલી,વસાવી, આમબુડી વગેરે બોલીઓમાં આ કથા કોઈકને કોઈ રીતે પરિવર્તિત થઈને મૌખિકરૂપે ચાલી આવી છે. પરંતુ હાલ આ કથા પણ સાવ ઝાંખી વડીલોના મનમાં તરી રહી છે જ્યારે યુવાઓ અજાણ છે. એવે સમયે આ કથા મળવી મોટી વાત છે. દરેક સાહિત્યના સારા અને નરસા પાસા જોઈ શકાય છે. આ ‘પોહ્લો પોયરો’ની લોકકથામાં શરૂઆતમાં એક વિધવા બહેનની પરિસ્થિતિનું વર્ણન છે. ગામ લોકોમાં સહકારથી જીવવાની ભાવના છે. માણસને પોતાની શક્તિનો ખ્યાલ નથી હોતો. જ્યારે પોહ્લો ભૂત બાબજી પાસે પહોંચ્યો ત્યારે એને જે મંત્ર આપવામાં આવ્યો એમાં પોતાની શક્તિનો ખ્યાલ આવ્યો. માણસ ગરીબાઈને નામે ઘરમાં રડતો બેસે તો એને કઈ ન મળે. હિંમતથી મંજિલ

સુધી પહોંચવાનો પ્રયત્નો કર્યા તો એને બદલામાં ઈનામ મળ્યું. ઈનામથી એને બીજાની સાથે સમકક્ષ પરિસ્થિતિમાં આવી શક્યો.

દેવોએ સ્વેછિક કામની સોંપણીમાં કરચલો પોતાને મન ફાવે તેમ વર્તવા લાગ્યો. અનાજના ભંડારમાં ભરપૂર મળતું હોવા છતાં ચોરી કરીને સંગ્રહ કરવા ગયો. એણે દેવોએ કરેલા વિશ્વાસ પર વિશ્વાસઘાત કર્યો. એ એના માટે સારું નોહતું. એની શિક્ષા મળી, શ્રાપિત થયો. પાતાળલોકમાં જવું પડ્યું. અંહિસક સેવા કરવી પડી. મુક્ત જીવનમાંથી ગુલામીમાં ગયો.

કથામાં દેવોને રિઝાવવાની જે પરંપરાઓ ગોઠવાયેલી છે તે આસ્થાને પાકી કરનારી ભાવના છે. આજે પણ કેટલાક વિસ્તારમાં લોકો એની સાથે જોડાયેલા છે. કથામાં પોતાનું ભાગનું જ જોઈએ એમ સિધ્ધ થયું છે. પોતાના ભાગનું રોકવામાં આવે તો એના ખરાબ પરિણામો બીજાને ભોગવવા પડે છે તેમ રાજાની દીકરીને પાતાળલોકમાં જવું પડ્યું. કરે કોઈ ને ભરે કોઈ જેવી સ્થિતિ થઈ. રાજા-વજાને વાંદરાની વાત સિધ્ધ થાય છે. દરેક યુગમાં રાજાઓ મન ફાવે તેમ વર્તે છે તેવું કથામાંથી બહાર આવે છે. વર્ચસ્વવાદનું અંહી દર્શન થાય છે. એક હથ્થું શાસન અહી પ્રગટ થયું છે. રાજા કહે તેમ વર્તવું એવું સાંતી આસરાઈને જોઈતું ના આપવાનું નકકી કરી પ્રજાને રોકવામાં આવે છે ને તેનું પરિણામ કથામાં જોયું.

લોકકથાઓમાં કેટલીક કથાઓ એવી છે જેમાં માત્ર કલ્પનાઓને સ્થાન હોય છે તેમ પોહલા પોયરાની કથામાં માત્ર કલ્પનાઓ જ કરવામાં આવી છે. આ કથામાં જે મનમાં થાય ત્યારે વગર મૌસમે વરસાદ લાવવાની પધ્ધતિ બતાવવામાં આવી છે જે વગર તેલે દીવો સળગાવવાની વાત છે. વરસાદ શેનાથી થાય છે તે અહી બતાવવામાં આવ્યું નથી. વરસાદ લાવનારા પરિબળો જેવા કે જંગલો જેમાં અંહિયા ઉલ્લેખ નથી. માત્ર-તંત્રથી વરસાદ આવતો તો આજે પણ વરસવો જોઈતો હતો. ટૂંકમાં વૈજ્ઞાનિક દ્રષટીકોણનો અહીયા અભાવ છે. કથામાં વધુ પડતી અતિસયોક્તિનો ઉપયોગ કરી સાંભળનારને આકર્ષવાની કોશિશ કરવામાં આવી છે. વિષયવસ્તુમાં પકડ નથી. અભણ અને ભોળા લોકોનું માત્ર મનોરંજનનું સાધન છે. કથામાં કોઈ ઉપદેશ કે સાચી દિશા નથી. દેવોએ પ્રજાને માટે ભરેલા મુસીબતને સમયે દુકાળ જેવી પરિસ્થિતિમાં જાહેર હિત માટે સંગ્રહ કરેલ અનાજને રખેવાળ જ ચોરી કરીને સંગ્રહ કરે છે તે વ્યક્તિવાદ તરફ લઈ જવાની ખરાબ વાત અંહી રજૂ કરવામાં આવી છે. જે સમાજલક્ષી નથી. ચોરી કરીને નોકરો પોતાના સ્થાપિત હિતોનું રક્ષણ કરે છે એવા નોકરો હંમેશા પ્રજા માટે નુકસાન કરે છે. બીજાના ભાગનું કબજે કરે છે.

પ્રકરણ પાંચની વાત કરું તો એમાં લોકનાટ્ય ‘સોંગ’ ‘બિચારે યાહ્કી બાહ્કો’ (બિચારા માં-બાપ) માં વિસ્તારમાં ભજવાતા સોંગાડ્યા કેવા કેવા વેશ કરી નાટ્ય ભજવે છે તેની આખી વાત છે. સોંગનું વિષયવસ્તુ વિસ્તારના પ્રશ્નોને અનુલક્ષીને ભજવાય છે. એક યુવાન દીકરો માં બાપના કહ્યામાં નથી હોતો. મોટા મોટા શૌખ પાડી માં બાપને હેરાન કરે છે. બાઇકના ચાહ્ક યુવાધન હાલ અણસમજણના રસ્તે દોરાઈ પોતાનું જીવન ટૂંકાવી દે છે એની વાત કરી છે. છોકરું જન્મે ત્યારથી પરિવારજનો છોકરાના સારા ભવિષ્યના સપના જોતા હોય છે. ગરીબીમાં જીવવા છતાં તેના માતાપિતા બધુ જ પૂરું પાડતા હોય છે. પણ દિશા ભટકેલ કહીએ કે જાણતા જ મોતના કૂવામાં જતાં યુવાઓને જોઈએ છે ત્યારે મને આ જ વિષય પર સોંગ લેવાનો ગમ્યો. સમગ્ર સોંગમાં માતા પિતાની આશાઓ ઉપર પાણી ફરતું દેખાય છે. યુવાવર્ગે સમજવું જોઈએ પરંતુ ખોટી સંગત અને બેદરકારીને કારણે આજે કેટલાક યુવાઓ ક્યાંકને ક્યાંક ભોગ બને છે અને ભોગવવાનું માતા-પિતા અને પરિવારને માથે આવે છે. ઘડપણના સાહારની આશા રાખી બેઠેલા માં-બાપ ક્યારેક છોકરા વિના જ મરતા-મરતા જીવી જાય છે.

સોંગ ભજવનાર મંડળી બરાબર રીતે વિષયને ધ્યાનમાં રાખી નાટ્ય ભજવે છે. પહેલાના સોંગાડ્યા જ્યારે નાટ્ય ભજવતા ત્યારે

સમસ્યાઓ જુદી હોય એમના નાટ્યમાં અલગ જ અંદાજ દેખાતો પરંતુ હાલ આધુનિકતા અને બહારના મનોરંજનનો પ્રભાવ એટલો છે કે હાલના સોંગમાં અશ્લીલતા પણ એટલી જ જોવા મળે છે. કેટલાક નવનાટ્યકાર યુવાનો નવા-નવા પેંતરા સોંગમાં લાવવાની કોશિશ કરતાં હોય છે. દરેક પાત્રનું જુદું-જુદું મહ્ત્વ રહેલું છે. સમય સમય પ્રમાણે પરિવર્તિત થતાં સોંગ પણ જોવા મળે છે. વિસ્તાર પ્રમાણે અલગ અલગ મંડળીઓ હોય છે. હોળીના તહેવારની આસપાસ આ સોંગ લોકનાટ્ય ભજવવામાં આવે છે. અંહી મે એક વિષયને લઈ એક સોંગ રજૂ કર્યો જેમાં એક યુવાનની અને એના માતાપિતાના સંઘર્ષમય જીવનને મૂક્યું છે. આ સોંગ હાલના સામેની સળગતી સમસ્યા બાઈકથી થતાં અકસ્માતને કારણે કેટલાય માં-બાપ દીકરા વગર જીવન ગુજારે છે. જે ખૂબ દુઃખદાયી છે.

પ્રકરણ છમાં કુકરમુંડા તાલુકાની કહેવતો અને ઉખાણાઓનો સમાવેશ છે. કુકરમુંડા તાલુકામા જોઈએ કે આદિવાસી વિસ્તારના કોઈપણ ભાગમાં કહેવતો અને ઉખાણાઓ હવે ના બરાબર બોલાય કે સંભળાય છે. દેહવાલી બોલીની ના બરાબર કહેવતો હવે ઘણી મુશ્કેલ છે. છતાં પ્રયત્ને થોડીક કહેવતો મળી હતી જે આ પ્રકરણમાં મૂકી છે. બોલી પ્રમાણે પોતપોતાની કહેવતો મળી જ આવે છે. દેહવાલી બોલીની કહેવતો પણ અલગ તરી આવે છે. દેહવાલી બોલીમાં થતી વાતોમાં સ્ત્રીઓ ખાસ કહેવતો

લઈને આવે છે. જીવનની વાતો જેવી કે આદિવાસી સમાજ ગરીબી વચ્ચે જીવતો સમાજ હતો એ સમયે ખાવાના ફાંફાં હોય એક કહેવત છે કે, ‘ડુંગરમાં આગ બળે એ દેખાય પણ પેટમાં આગ સળગે એ ના દેખાય.’, ‘પતિ હોય ત્યાં સુધી રાની હોય પછી આંગણે કૂતરીની જેમ બેસી રહેવાનું.’, ‘નામ મોટા ને દર્શન ખોટા.’ વગેરે અનેક કહેવાતોમાં વસાવા સમાજનું દર્શન થાય છે.

વસાવા સમાજના ઉખાણાઓ એટલે કે ‘હાતી કાય’. અમે નાના હતા એ સમયે અમે થોડા થોડા ઉખાણાઓ સાંભળતા હતા. જેથી ઘણા ઉખાણા યાદ રહી ગયેલા. જે મારા સંશોધનમાં કામ લાગ્યું. પહેલાના જમાનામાં ખાસ કરીને દાદા અને દાદી પોતાના પોત્ર-પૌત્રીઓને સૂતા સૂતા ઉખાણાઓ સાંભળાવતા અને પૂછતા કે એટલે શું?(હાતી કાય?) અને બાળકોને સાંજ પડે એટલે ઉખાણા જાણવાની તાલાવેલી રહેતી. ઉખાણાઓથી બાળકો ખુશ થતાં હતા.

આ મહાશોધનિબંધમાં આદિવાસી સમાજ જે કુકરમુંડાની આસપાસ વસાવા પ્રજા વસે છે તેનું જીવનદર્શન છે. આ મારા મહાશોધનિબંધથી અન્ય સમાજ પણ વસાવા સમાજના આદિવાસીઓ વિશે જાણે અને કઈંક નવું જાણે એ માટે મારો આ પ્રયાસ રહ્યો. પહેલા પ્રકરણમાં કુકરમુંડા વિસ્તારના  આદિવાસીઓની સંપૂર્ણ માહિતી આપવાનો પૂરેપૂરો

પ્રયાસ અન્ય સમાજના અભ્યાસુ કે આવનાર વિદ્યાર્થીપેઢી માટે ઉપયોગી બની રહેશે. આજે વિશ્વસાહિત્યનુ નિર્માણ થયેલું છે. ક્યાંક ને ક્યાંક ગ્રંથાલયોમાં ઉપલબ્ધ છે એવે સમયે વસાવા સમાજનું લોકસાહિત્ય મૌખિક હતું તો એને લેખિત સ્વરૂપે મૂકી આપવામાં આવ્યું છે જે ઘણું ઉપયોગી બનશે. અલેખિત કહો કે માત્ર મૌખિક સાહિત્ય જે વિશ્વસાહિત્ય સાથે જોડાશે. અન્ય સમાજના લોકોને જાણવાની જિજ્ઞાસા હોય એ જાણી શકશે. વસાવા સમાજના તહેવારો વિશે મે જે નોંધ કરી છે તો એ તહેવારો માત્ર તહેવારો નથી પરંતુ પ્રકૃતિ સાથે આદિવાસીઓનો તાલમેલ, જીવન સાથે સતત પ્રકૃતિનું સાનિધ્ય જોવા મળે છે. પ્રકૃતિપૂજા જે કરવામાં આવી છે તેના વિશે અન્ય સમાજ પણ જાણી શકશે. જેમ કે વાગદેવની ઉજવણી કરવામાં આવે છે ત્યારે એનું એક અલગ મહત્વ છે કે, વરસાદ વરસ્યા પછી અનાજ કે અન્ય વનસ્પતિ, ઘાસચારો ઊગી નીકળ્યો હોઈ આ સમગ્ર જગ્યાએ કામ કરતાં લોકોને અન્ય જીવોથી નુકસાન ના થાય એ માટે આ તહેવાર ઉજવાય છે. એવી જ રીતે લીલીચારીનો તહેવાર ઉજવવામાં આવે છે એ વરસાદ વરસ્યા બાદ જે કઈ રાનમાં ઊગી નીકળ્યું છે તેને ઢોર કે માણસ આરોગી શકે તો તેનાથી કઈ નુકસાન ના થાય  તેના માટે પૂજા-વિધિ કરવામાં આવે છે. આ એક મોટી વાત શીખવા જેવી છે કે માણસ જ્યારે પ્રકૃતિ પાસેથી કઈંક લે છે ત્યારે તેની અનુમતિ કહો કે હું તારી પાસેથી લઉં

છું ની જે ભાવના છે એ વ્યકત થાય છે. આજે માણસ સ્વાર્થના ટોપલાઓને શણગારવા માટે સતત પ્રકૃતિનો વિનાશ કરી રહ્યો છે એવે સમયે આદિવાસી સમાજ આ તહેવારો દ્વારા શીખવે છે કે જરૂરિયાત પૂરતું જ લેવું જોઈએ. અને ક્યાંક પ્રકૃતિને નુકસાન ના થાય એ પણ જોવું જોઈએ.

ઉપરાંત લોકસાહિત્ય વિશે હોઈ આ મહાશોધનિબંધમાં સમગ્ર લોકસાહિત્યના પ્રકારો વિશે માહિતી પણ મળી રહેશે. અને વિસ્તૃત માહિતી પણ મળશે. આગળ જોઈએ તો વસાવા સમાજના લોકગીતો એ અન્ય સમાજ પૂરતું જ નહી પરંતુ વસાવા સમાજને પણ એટલા જ ઉપયોગી થશે. આજે અન્ય સમાજ સાથે હાથ મિલાવતાં મિલાવતાં આદિવાસી સમાજ પોતાના મૂલ્યો, પરંપરા, સંસ્કૃતિને દૂર કરતો જઈ રહ્યો છે તો આ સમયે લોકગીતોને યુવાપેઢી ફરી વાગોડે અને જાણે એ માંરો પ્રયાસ છે. જે દરેક અભ્યાસુને ઉપયોગી થશે.

લોકકથાની વાત કરું તો પોહ્લો પોયરો કથા ખુદ એક ભરપૂર સામગ્રી છે જે દરેકને માટે ઉપયોગી બની રહેશે. એક વાર્તા અથવા તો લોકકથાના લક્ષણો એમાં દેખાય છે. વાસ્તવિકતા સાથે કલ્પનાસૃષ્ટિનું દર્શન થયેલું જોવા મળે છે. માણસની અંદર રહેલી વૃતિઓનું વર્ણન અહી કરેલ છે. માણસને ખબર નથી હોતી કે એની પાસે કેટલી બધી શક્તિઓ પડેલી છે જે કોઈ એક દિશા અથવા પ્રયત્ને આવે છે. જેનું દર્શન કથામાં

થાય છે. મુક્ત જીવનમાંથી ગુલામી તરફ જતાં કરચલાના ઉદાહરણ થકી દરેક માણસ આ વાત સમજી શકે કે શું થાય ને શું ના કરાય. આવા કેટલાય ઉદાહરણ કથામાંથી શીખવા મળે. સાહિત્યને માટે પણ આ સમગ્ર વિષય જ ઉપયોગી થશે. કથાનો શ્રેષ્ઠ બોધપાઠ એ છે કે માણસે પોતાની પરિસ્થિતિને કોસ્યા વગર સારું જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઈએ. તેવી જ રીતે સોંગમાં પણ જે આદિવાસી યુવાઓના મોજશોખ થકી પોતાનું જીવન ટૂંકાવી દે છે. એ કઈ રીતે એમાંથી બહાર નીકળે એના ઉકેલ આ સોંગમાં આપ્યા છે. દરેક સમાજનો યુવા આજે કોઈક ને કોઈક રીતે દિશા ભટકી જીવન ટૂંકાવી દે છે અથવા જીવન જીવવાનું મુશ્કેલ કરી લે છે તો કઈ રીતે બહાર આવી શકે એ આ સોંગ દ્વારા શીખી શકાય. અને સાથે નામુંદાદાનું પાત્ર દારૂનો પૂરતો ઉપયોગ કરી શકાય એના વિશે વાત કરે છે. અને વિમારીમાં દારૂનો ઉપયોગ કેટલો કરવો એ પણ કહે છે. ટૂંકમાં શુદ્ધ મહુડાનો દારૂ ખરેખર કેટલો મહત્વનો છે અને ઔષધીરૂપે લેવામાં આવે તો એનું મહત્વ સમજાય. જે દરેક માટે ઉપયોગી છે. ઉપરાંત કહેવતો તો દરેક વાંચીએ તો કૈંક ને કૈંક શીખવા મળે અને ઉખાણા પણ વાંચી આનંદ જ આવે.

“કુકરમુંડા તાલુકાના વસાવા સમાજનું સમગ્ર લોકસાહિત્ય: એક વિવેચનાત્મક અભ્યાસ.” વિષય પર મારુ શોધકાર્ય સમાજ સમક્ષ રજૂ

કરવાનો માંરો પ્રયાસ હતો જે મે મહાશોધનિબંધરૂપે રજૂ કર્યો છે. સૌ અભ્યાસુને ઉપયોગી થાય એવી ભાવના સહ.